ક્રમાંક : ઘ/માધ્ય/પરચ/૨૦૨૦/ ૨૧૯૯૨ - ૨૨૦૨૫

કમિશનર શાળાઓની કચેરી.
બ્લોક નં.૯/૧. ડો.જે.એમ.ભવન.
ગુ.રા.,ગાંધીનગર
તા.૦૧/૧૨/૨૦૨૦

પ્રતિ.
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી.
તમામ.

વિષય:- રાજ્યની સરકારી અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના સમય નિયત કરવા બાબત.

સંદર્ભ: (૧) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: પીઆરઈ/૧૧/૨૦૨૦/૧૯૨૯૩૧/ક તા.૫/૬/૨૦૨૦
(૨) કમિશનર શાળાઓની કચેરીના પત્ર ક્રમાંક: ઘ/માધ્ય/પરચ/૨૦૨૦/૧૦૦૪૨-૭૫ તા.૬/૬/૨૦૨૦
(૩) કમિશનર શાળાઓની કચેરીના પત્ર ક્રમાંક: ઘ/ માધ્ય/ પરચ/ ૨૦૨૦/ ૧૧૧૫૫૦-૫૮૬ તા.૨/૭/૨૦૨૦
(૪) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: મશબ/૧૨૨૦/૮૭૪/છ તા.૧૮/૧૧/૨૦
(૫) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: મશબ/૧૨૨૦/૮૭૪/છ તા.૨૧/૧૧/૨૦
(૬) કમિશનર શાળાઓની કચેરીના પત્ર ક્રમાંક: ઘ/ માધ્ય/ પરચ/ ૨૦૨૦/ ૨૧૫૩૩-૫૬૮ તા.૨૩/૧૧/૨૦૨૦
(૭) ગૃહ વિભાગના જાહેરનામા ક્રમાંક: જીજી/૫૩/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા.૧/૯/૨૦૨૦
(૮) ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ અને ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળની તા.૧/૧૨/૨૦૨૦ની રજુઆત

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, હાલમાં કોરોના મહામારી (COVID-19)ના કારણે સમગ્ર રાજ્યમાં સંદર્ભદર્શિત ઠરાવ-૫ થી શાળા-કોલેજો બંધ રાખવાની સૂચનાઓ આપવામાં આવેલ છે. આથી શાળાઓ વિધિવત શરૂ કરવા અંગે સરકારશ્રીના આદેશ ન થઈ આવે ત્યાં સુધી આપના જિલ્લાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનો સમય સવારે ૭:૩૦ થી ૧૨:૦૦ કલાક સુધીનો રાખવા અંગેની સૂચનાઓ આ કચેરીના સંદર્ભ-૬ માં જણાવેલ તા.૨૩/૧૧/૨૦૨૦ના પત્રથી આપવામાં આવેલ છે.

વધુમાં ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગરના સંદર્ભ-૭માં જણાવેલ તા.૧/૯/૨૦૨૦ના જાહેરનામાની જોગવાઈ-૫(૨)ની નીચે મુજબની સૂચનાઓનું પાલન આપના નિયંત્રણ હસ્તકની શાળાઓમાં થાય તેની તકેદારી રાખવા જણાવવામાં આવે છે.

**"તા.૨૧/૯/૨૦૨૦થી રાજ્યમાં શૈક્ષણિક સંસ્થાઓમાં ૫૦% શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક સ્ટાફને ઓનલાઈન શિક્ષણ/Tele Counselling માટે બોલાવી શકાશે. આ બાબતે આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવનાર SOP નું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે."**

(એમ.એન.ચાવડા)
સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા.,ગાંધીનગર

નકલ રવાના:-

- અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી, શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર

આ.નં./2020/12447

~~1-12-20~~

1-12-20

શાસનાધિકારી

મ. સુરત

જાણ તથા અમલ સારું

[signature]

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિલ્લો, સુરત.